# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હૃદય હોય છે વિશાળ આંખેથી અમી ઝરે છે
ભૂલી ને વેરઝેર એ સૌનું સન્માન કરે છે
ખરે પાન સૂકું, હસે કૂંપળ એવું કરે છે -
આ નેતાશ્રી હજુ ચૂંટણી મેદાને જ ફરે છે..
(મુખ્યપ્રધાનોની કફોડી હાલત)

## હાઈકુ

જૂઓ તમાસો,
નેતાશ્રી, ઠેકડીનો -
હણે ગૌરવ
(લોક 'ભાવના' ના નામે)

નાખે છે પાયા
મતનો શિલાન્યાસ -
પ્રચાર વિધિ..
(ચૂંટણીના રાજયોમાં)

## ચિંતન

**ગુણો ભૂષયતે રૂપં શીલં ભૂષયતે કુલં । સિદ્ધિ ર્ભૂષયતે વિદ્યાં ભોગો ભૂષયતે ધનમ્ ॥**

'સદ્‌ગુણોના સંપાદનથી માનવીનાં કાયિક-માનસિક-વાચિક સૌંદર્યની વૃદ્ધિ થાય છે, શીલ અને ચારિત્ર્યની સંપદાથી કુળની શોભા વધે છે, કાર્યોમાં સિદ્ધિ-સફળતા મેળવવાથી વિદ્યાની શોભા વધે છે અને ધન-સંપત્તિના સદુપયોગથી ધનની શોભા વધે છે.'

માત્ર બાહ્ય દેખાવ-રૂપ-સ્વરૂપ આજે તો સૌંદર્ય પ્રસાધન અને પાર્લરની કૃપાથી પણ પામી શકાય છે વ્યક્તિની નમ્રતા-વિનય-વિવેકના સદ્‌ભાવ-સ્વભાવથી હૃદયનું સૌંદર્ય પ્રકટ થાય છે.

શીલ અને સદ્‌ચારિત્ર્યવાન સંતાનોથી કુળની નામના અને શોભામાં અભિવૃદ્ધિ થાય છે.

જાણકારી, અનુભવ, સારી તાલીમ અને 'નિષ્ણાત' થવાથી કોઇ પણ કાર્યમાં સિદ્ધિ-સફળતા મળે છે; ત્યારે વિદ્યા શોભી ઉઠે છે. ગોલ્ડમેડલ મેળવનાર ખેલાડી હોય કે પરીક્ષામાં પ્રથમ ક્રમાંક વિજેતા સૌ પ્રથમ 'ગુરૂ' અને વિદ્યાને જ યશ આપે છે. ધન સંપત્તિનો સદુપયોગ કરવાથી જ ધન અને ધનિકની શોભા, માન-સન્માન વધે છે.

## સુવિચાર

- હું પ્રથમ રહું એ સ્પર્ધા અને મારો હરિફ પાછળ રહી જાય એનું નામ ઇર્ષ્યા - **જ્ઞાનસૂત્ર**
- પ્રેમ જયારે આપવા માંડે ત્યારે ભક્તિ બને અને માંગવા માંડે ત્યારે આસક્તિ - **શરતચંદ્ર**
- પ્રભુ આપે છે ત્યારે સારુ જ આપે છે, અને જયારે નથી આપતો ત્યારે વધુ સારું આપવાનો રસ્તો બતાવે છે.. પણ જયારે બહુ રાહ જોવડાવે છે ત્યારે તો શ્રેષ્ઠ જ આપે છે - **જનકલ્યાણ**
- ભગવાન અવસર ઉભા કરતાં રહે છે પણ આપણી પાસે તે અવસર શોધી તેને યથાર્થ પ્રયત્ન કરવાની આશા પણ રાખતા હોય છે - **નવનિત**
- મોત આવવાનું છે, બુઢાપો, રોગ વગેરે આવશે જ.. તમે નકામા થઇને ફેંકાઇ જવાના છો.. માટે આજે જે કંઇ થઇ શકે તે કરી છૂટો - **સ્ટીવ જોબ્સ**
- બાળકો કદી શિખામણોની વિરૂદ્ધ નથી હોતા.. એને કહેવાની પદ્ધતિની વિરૂદ્ધ હોય છે - **હંસલ ભચેચ**
- પ્રાર્થના તમારી પીડા ઓછી કરવા માટે નહીં પણ, તમારી પીઠ મજબૂત કરવા માટે હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જીવનમાં 'સંતોષ' એક મોટો સદ્‌ગુણ છે મહામૂલી ચીજ છે.

માતાજીના મંદિર બહારે, એકતારો લઇ એક ભગત ભજન ગાઇ ભિક્ષા લેવા બેઠા હતા. પાથરણું પાથર્યું હતું. લોકો જે પાંચ પૈસા-ચાર આના-આઠ આના નાખે તેના તરફ જોયા વિના ભજન ગાયા કરે અંધારું થાય એટલે ભિક્ષા એકત્ર કરી ઘેર જાય.

એક ગાડીમાંથી એક શેઠ પરચુરણની થેલી ભરી ઉતર્યા એને આ ભજનિકના ભજન ખૂબ ગમતાં. પરચુરણની થેલી ખોલી કહ્યું - ભગત! તમે આ થેલીમાંથી મુઠ્ઠી ભરી પૈસા લઇ લ્યો - અને ચાહો તો આખી થેલી રાખી લ્યો! મને તમારાં ભજન અને નિર્લેપતા ખૂબ ગમે છે..

ભજનિકે આંખ ખોલી એક નજર પૈસા ભરેલી થેલી અને શેઠ સામે નાખી. એણે થેલીમાંથી માત્ર એક રૂપિયાનો સિક્કો લીધો અને માથે ચઢાવ્યો.

..અને ફરી ભજન શરૂ કર્યુ..

શેઠે પુછ્યું અરે ભગત! આવું કેમ કર્યું?!

ભગત કહે, શેઠ! હું ભિક્ષુક છું, લૂંટારો નથી. મારા ધંધાને વફાદાર છું આ પરચુરણ મારા જેવા બીજા ભાઇઓને કામ આવશે! શેઠને એનો સંતોષ પણ સ્પર્શી ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# કુટુંબ એ મૂલ્યોની... સંસ્કારની ગંગોત્રી છે અને શાળા જમનોત્રી છે! તેથી માતા-પિતા અને શિક્ષક એના આધાર છે, કુટુંબ એ મૂલ્યરૂપી ચિત્રનું આરંભબિંદુ છે અને શાળા એ ચિત્રમાં જાત-ભાતના રંગ પુરી શકે છે

## મૂલ્યમય જીવન મૂલ્યવાન જીવન

- હર્ષદ પ્ર. શાહ

આજે માટે જીવનની ઊંચાઇ બક્ષે, ઉત્તમ બનાવે અને સમગ્ર સંસારને સુખમય બનાવવાની દિશા ચીંધે એવો વિષય સ્પર્શવો છે -

મૂલ્યમય જીવન
મૂલ્યવાન જીવન

શ્રીમદ્ રાજચંદ્રના તત્ત્વબોધમાં એક ભક્તિગીતની બે સુંદર પંક્તિ ટાંકુ -

''બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો
તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો''

અનેક ભવનમાં સંચિત અને શુભ કર્મોનાં ફળસ્વરૂપ માનવદેહ પ્રાપ્ત થાય છે. તો બીજી એક એવી પણ માન્યતા છે કે પૂર્વ ભવોમાં જીવે આચરેલા શુભ-અશુભ કર્મોથી વિશિષ્ટ પ્રકારનું કર્મબંધન રચાય છે... એ બંધનોમાંથી મુક્ત થવા માટે નિયતિના ભાગ રૂપે પીડા, દુ:ખ કે સુખ ભોગવવા ફરી માનવદેહ ધારણ કરવો પડતો હોય છે. એને અધ્યાત્મ-પુરૂષો ઋણાનુબંધ પણ કહે છે. પારસ્પરિક ઋણ ચૂકવવાની પ્રક્રિયા દરેક મનુષ્યએ કરવાની રહે છે. તેથી જ પુત્ર-પુત્રી, પતિ-પત્ની, ભાઇ-બહેન જેવા સંબંધો ગૂંથાય છે... અને કયારેક એ ગૂંથાવાને બદલે ગંઠાય પણ છે.

જીવનને સુખયમ, અને છેવટે આનંદમય બનાવવા માટે માણસે બહુ મથવું પડે છે. સંબંધો સાચવવવા અને છતાં દુન્યવી સંબંધોની માયાથી પર રહેવું દુષ્કર છે.

પારસ્પરિક સંબંધોમાં ત્રિગુણમયી પ્રકૃતિ - સત્ત્વ, રજન અને તમસ - એ ત્રણે ગુણ પૈકી કોનું પ્રભુત્વ છે એના આધારે સંબંધો સુખ કે દુ:ખ સર્જે છે.

હું માનું છું કે સંબંધોની સાત્ત્વિકતા એટલે મૂલ્ય! સાત્ત્વિક સંબંધો કેવળ સુખ નહીં, આનંદ પણ ઉપજાવે છે. સુખનું વિરોધી તત્ત્વ દુ:ખ છે, પણ આનંદનું વિરોધી તત્ત્વ શું? આનંદ એટલે આનંદ... પરમાનંદ. આનંદ હોય ત્યાં દિવ્યતા હોય, આધ્યાત્મિકતા હોય, નિ:સ્વાર્થપણું હોય. અને આવું જીવન મૂલ્યમય જીવન કહી શકાય... અને મૂલ્યમય જીવન અતિ મૂલ્યવાન હોય છે.

સ્વામી વિદિતાત્માનંદજી મૂલ્યોને આત્મજ્ઞાનનું દ્વાર કહે છે. એમનાં પુસ્તક - 'મૂલ્યો : આત્મજ્ઞાનનું દ્વાર'માં તેમણે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના તેરમાં અધ્યાયમાં પાંચ શ્લોકો (-૧૩-૭ થી ૧૩-૧૧) માં પ્રબોધેલા ૨૦ મૂલ્યોની ચર્ચા કરી છે. આ વીસ મૂલ્યો નીચે મુજબ છે.

(૧) અમાનિત્ય (૨) અદંભિત્ય (૩) અહિંસા (૪) ક્ષાન્તિ (ક્ષમા) (૫) આર્જવ (પ્રામાણિકતા, સત્ય) (૬) આચાર્ય - ઉપાસના (ગુરૂની સેવા) (૭) શૌચ (સ્વચ્છતા) (૮) સ્થૈર્ય (ધ્યેયનિષ્ઠા), આત્મવિનિગ્રહ (આત્મસંયમ) (૧૦) વિષયોમાં વૈરાગ્ય (૧૧) અનહંકાર (ગર્વનો અભાવ), (૧૨) જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ અને દુ:ખમાં રહેલી પીડાનું ચિત્તની સમતા (૧૩) અનાસક્તિ (૧૪) સ્વજનો અને અતિ સ્નેહનો અભાવ (૧૫) અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોમાં ચિત્તની સમતા (૧૬) અવ્યભિચારિણી ભક્તિ (૧૭) એકાંતનું સેવન (૧૮) કુસંગનો ત્યાગ (૧૯) અધ્યાત્મજ્ઞાનનું નિત્ય સેવન અને (૨૦) તત્ત્વજ્ઞાનના પ્રયોજનનું અનુસંધાન.

આ યાદીમાં બે પ્રકારનાં મૂલ્યો છે -

(૧) એવાં મૂલ્યો જેમાં કાંઈક ત્યાગવાનું છે.

(૨) એવાં મૂલ્યો જેમાં કાંઈક ઉપાર્જન કરવાનું છે.

ઉદાહરણાર્થ માનિત્વ, દંભિત્વ, હિંસા વગેરે આવેગોનો ત્યાગ કરવાનો છે જયારે આચાર્ય - ઉપાસના, સ્થૈર્ય, ભક્તિ, એકાંતસેવન, ચિત્તની સમતા, શુચિતા વગેરે ગુણોનું - મૂલ્યોનું ઉપાર્જન કરવાનું છે.

ગીતામાં ભગવાને પ્રયોજેલી આવી અત્યુચ્ચ શબ્દાવલી સમજવી કઠિન છે. પણ જો એ મૂલ્યોની ઉપાસના શરૂ કરવાનો વિચાર પણ આવે અને સંકલ્પ થાય તો સમજવું કે જીવનના ઉચ્ચત્તમ શિખરે પહોંચવા પ્રથમ પ્રગથિયે પગ માંડ્યો છે.

હવે આપણે મૂલ્યોના વ્યાવહારિક ધરાતલનો સ્પર્શ કરીએ.

આપણને... પ્રત્યેક પરિવારને... સમગ્ર સમાજને અને રાષ્ટ્રને તેજસ્વી, મૂલ્યનિષ્ઠ અને કાર્યદક્ષ માણસોની જરૂર હોય છે. આમ તો, માનવમાં માનવ્ય હોય... માનવ હોવાની સમજ હોય અને તે પ્રમાણે જીવવાનું સાહસ હોય તો કદાચ મૂલ્યની કે સદ્‌ગુણોની વાત કરવાની જરૂર જ ન રહે, કારણ કે 'માનવ્ય' એ એક વિશાળ સંકલ્પના અને સંભાવના છે, જેમાં બધું સમાઈ જાય છે.

તેમ છતાં બહુ મોટું તત્ત્વ 'માનવ્ય' કદાચ મનુષ્યના દષ્ટિક્ષેત્ર અને કાર્યક્ષેત્રમાં ન સમાઈ શકતું હોય એવું બને... તેથી થોડી નાની નાની વાતો વિચારતાં અને આચરતાં માણસ સહજપણે મોટો થઈ શકે છે. તેની આવી મોટાઇ 'દંભિત્વ' થી જોજનો દૂર હોય છે અને સર્વસાધારણ જનસમાજ આવી 'મોટાઈ' ને મન - બુદ્ધિથી સ્વીકારે છે.

માનવજીવન મહામૂલ્યવાન છે અને તેમાં મૂલ્યોની મહત્તા છે. મૂલ્યોના આવિષ્કાર અને આર્વિભાવ વિના માનવજીવનને મૂલ્યવાન બનાવી શકાય નહીં.

મૂલ્યોની વાત જ અનોખી છે.
મૂલ્યો આપી ન શકાય : સ્થાપી શકાય.
મૂલ્યો સમજાવી ન શકાય : સમજી શકાય.
મૂલ્યોનું પ્રદર્શન ન હોય : દર્શન હોય.
મૂલ્યોનો દેખાડો ન હોય : અનુભૂતિ હોય.

મૂલ્યોનો સત્તા સાથે નહીં, સંસ્કારની મહત્તા સાથે સંબંધ છે. વર્તમાન સમયમાં મૂલ્યનિષ્ઠ માનવી 'વેદિયો' ગણાય અને મૂલ્યહીન માનવી 'વ્યાવહારિક' ગણાય! મૂલ્યોની વાત કરવી સહેલી છે એનું અનુસરણ કરવું અઘરું. મૂલ્યોનો વિચાર સરસ અને ગળચટો લાગે છે, આચાર કઠિન અને કડવો. મૂલ્યોનો અભ્યાસક્રમ ન હોય, અભ્યાસ હોય.

અધોગામી તો કોઈ પ્રયત્ન વિનાય બની શકાય, ઊર્ધ્વગામી બનવા વિશેષ દષ્ટિ, સજગતા અને પ્રયત્નો જોઈએ. મૂલ્યમય અને ઊર્ધ્વગામી કરણીથી નારી નારાયણી બની શકે છે અને નર નારાયણ... પણ જયાં સાધારણ નરત્વ નથી ત્યાં અસાધારણ નારાયણત્વ શી રીતે પ્રગટશે?

માનવે જો પોતાને ઓળખે... પોતાનામાં રહેલા ઉત્તમ સત્ત્વ-તત્ત્વને પિછાણી બધા સાથે સદ્‌વ્યવહાર કરે તો આ અવનિ નંદનવન બની જાય. કવિ સુંદરમ્‌ની 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ પંક્તિનો ગૂઢાર્થ સમજવાથી પણ આપણું આચરણ મૂલ્યાધિષ્ઠિત થઈ શકે.

જીવનના સત્ત્વને અભિવ્યક્ત કરતું આચરણ એટલે મૂલ્યો. મનુષ્યનું જે આચરણ સર્વજનહિતાય અને સર્વજીવસુખાય હોય તેનું નામ જ મૂલ્યો. મૂલ્યો એટલે સંસ્કારિતા.

સંસ્કારોનું સામાજિકરણ એટલે સંસ્કૃતિ.

અને સંસ્કૃતિનું વ્યક્તિકરણ એટલે સંસ્કાર.

એટલે મૂલ્યો અને સંસ્કારો જ છેવટે સંસ્કૃતિ રચે છે. અને કોઈ પણ સમાજની ઓળખ અને સંસ્કૃતિ છે. કીડીને કણ, ચકલીને ચણ અને હાથીને મણ એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. પ્રકૃતિનું શોષણ નહીં, દોહન હોય એ ભારતીય સંસ્કૃતિનું મહાન સૂત્ર છે. ભૂખ્યા રહીને પણ અતિથિને સંતૃપ્ત કરવો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા છે. ત્યાગીને ભોગવવું એ ભારતીય સંસ્કૃતિનું આચરણક્ષેત્ર છે. અહિંયા, પ્રેમ, સત્ય અને સમત્વ એ ભારતીય સંસ્કૃતિના સરોવરમાં ખીલેલાં પુષ્પો છે. વિચાર, વાણી અને વર્તનની એકરૂપતામાંથી સર્જાયેલું આચરલ એટલે મૂલ્યો. આત્મજ્ઞાનનો પ્રબોધ થાય એવો મનનો ગુણસમુદાય એટલે મૂલ્યો.

પ્રત્યેક મૂલ્યનું પાલન ધીમે ધીમે મનને સ્વચ્છ અને પારદર્શક બનાવે છે. મૂલ્યોનું પરિપાલન કઠિન છે, કારણ કે મૂલ્યોના પાલનમાં કાં તો કંઈક ત્યાગ કરવાની જરૂર પડતી હોય છે કે પછી કંઈક પરિશ્રમ કરવો પડતો હોય છે. આ બંનેમાં દુ:ખ રહેલું હોય છે. અર્થાત્ મૂલ્યોના પાલનમાં કયારેક શારીરિક અને મોટેભાગે માનસિક સંતાપ સહન કરવો પડયો હોય છે. પ્રામાણિક રહેવું હોય તો પૂરેપુરો કર ભરવો પડે અને એ રીતે અતિ પ્રિય એવા ધનનો ભોગ આપવો પડે. ક્ષમાનું આચરણ કરવું હોય તો મનમાં ઊઠેલાં ક્રોધના આવેગનો ખાળવો જ પડે. આત્મસંયમયુક્ત જીવન જીવવું હોય તો અંતરના કામના આવેગને નાથવો પડે. આ રીતે મૂલ્યોના પાલનમાં કામ, ક્રોધ, લોભ જેવા આંતરિક આવેગોને નિયંત્રણમાં રાખતા પડતા હોય છે... અને તેમ કરવામાં મનનો સંતાપ અને સંઘર્ષ સહન કરવો પડતો હોય છે.

આવો શ્રમ, સંઘર્ષ અને સંતાપ વેઠવાનું ત્યારે જ શક્ય બને જયારે તેનાથી થતો લાભ એ મૂલ્યોના પાલનમાં વેઠવી પડતી હાનિ કરતાં વધારે મૂલ્યાન છે એવું સ્પષ્ટ સમજાય. હાનિ ભૌતિક કે સ્થૂળ હોય છે, લાભ સાત્ત્વિક અને સૂક્ષ્મ હોય છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું છે - ''કોઈ પણ રાષ્ટ્રનું મહત્ત્વ તેની વસતી, વેપાર કે ધન-સંપત્તિથી નહીં, પણ તે રાષ્ટ્રના લોકજીવનમાં વણાઈ ગયેલાં મૂલ્યોના આધારે જ અંકાય છે.''

ભારતીય સંસ્કૃતિ તો શાશ્વત મૂલ્યોની જનની છે. એક ચિંતકે કહ્યું છે -

**Values are not taught
they are caught!**

જીવનમૂલ્યોનું પ્રસ્થાપન કરવાની જવાબદારી પ્રત્યે સમાજ ઘટકની છે. મૂલ્યનું પ્રસ્થાપન ઉપદેશથી નહીં, ઉદાહરણથી જ થઈ શકે; શબ્દોથી નહીં, કર્મકઠોર આચરણથી જ થઈ શકે.

કુટુંબ એ મૂલ્યોની... સંસ્કારની ગંગોત્રી છે અને શાળા જમનોત્રી છે! તેથી માતા-પિતા અને શિક્ષક એના આધાર છે. કુટુંબ એ મૂલ્યરૂપી ચિત્રનું આરંભબિંદુ છે અને શાળા એ ચિત્રમાં જાત-ભાતના રંગ પુરી શકે છે. તો, ચાલો આપણે મૂલ્યોના પ્રસ્થાપનની આકરી કસોટીમાં પાસ થવાની તૈયારીમાં લાગી જઈએ.

# બાળ સાહિત્ય અકાદમી અમદાવાદ દ્વારા બાળ સાહિત્યકારોના પુસ્તકોને ઈનામો આપવાનો એક કાર્યક્રમ તા. ૨૪-૦૮-૨૦૧૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે આદિવાસી શિક્ષણ સંશોધન ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાનાર છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

છેલ્લાં ૧૭ વર્ષોથી સતત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની દર માસે રાબેતા મુજબ મળતી સભા, તા. ૧૦-૮-૨૦૧૪ને રવિવારના રોજ શ્રાવણી પૂનમ (રક્ષાબંધન)ના ઐતિહાસિક અને ધાર્મિક તહેવારનાં દિવસે સાંજના ખુશનુમા વાતાવરણમાં સંપન્ન થઈ.

શબદની સંગિની મા શારદાની સ્તુતિવંદનાથી મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા સભાની શરૂઆતનું મંગલાચરણ કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રમુખ ભરતભાઈ કવિ 'ઊર્મિલ' દ્વારા, પવિત્ર શ્રાવણ માસના પુનિત અને ગૌરવવંતા દિવસ 'રક્ષાબંધન', કે જે ભાઈ-બહેનના અખૂટ, અતૂટ અને અમીટ સ્નેહ તથા નિ:સ્વાર્થ ત્યાગની ઊચ્ચ ભાવનાને ઉજાગર કરે છે, તે વિષે સંકળાયેલ પૌરાણિક કથાઓની યાદ આપી તથા આ માસમાં જેઓના જન્મદિન આવે છે તેઓને શુભકામનાઓ પાઠવી.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે, આર.સી. હાઈસ્કૂલ કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે ડૉ. સોમભાઈ પટેલ દ્વારા, ડૉ. દલપત પઢિયારની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ 'શીઘ્ર કાવ્ય રચના સ્પર્ધાના ૩૦ સ્પર્ધકો વિજેતાઓને, નીચે મુજબ પ્રમાણપત્રો, પ્રમુખ ભરતભાઈ કવિ દ્વારા એનાયત કરવામાં આવ્યા. સર્વેને અભિનંદન પાઠવ્યા.

(૧) તન્ના અમીધારા - ઉમા આર્ટ્સ કૉલેજ - શીઘ્ર કાવ્ય 'પ્રેમનો વિષય' (૨) શિવાની એન. પટેલ - સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ - શીઘ્ર કાવ્ય 'મધ્યમ વર્ગની વેદના'

ત્યારબાદ અંજનાબેન બારોટ દ્વારા 'બળેવ'ની ગરિમા અને ભાઈ-બહેનના અખૂટ સ્નેહના સંભારણા કરી, સર્વેને આ ખુશી છલકતા તહેવારની શુભેચ્છાઓ પાઠવી.

'ધરતીના ધબકાર' - દોલતભટ્ટનાં ભાણેજ વહુ અને કવયિત્રી સ્વાતિબેન શુક્લ દ્વારા રક્ષાબંધન અંગે મનનીય પ્રવચન બાદ કાવ્યો (૧) શણગાર અને (૨) વધામણું રજૂ કરવામાં આવ્યાં તથા હીનાબેન ચીમનલાલ શુક્લ દ્વારા કાવ્ય 'વસુંધરાનો લગ્નોત્સવ' રજૂ કરવામાં આવ્યું.

ત્યારબાદ અગાઉથી નિયત થયા મુજબ સમયોચિત - વર્ષાઋતુ અને પ્રસંગોચિત શ્રાવણી પૂનમ (રક્ષાબંધન) ને અનુલક્ષીને સાહિત્યકાર - કવિ મિત્રો (૧) મહેન્દ્રભાઈ રાઠોડ (૨) સંજય થોરાત (૩) ભીખુ કવિ (૪) સુમંતભાઈ શાહ (૫) કે. કે. પટેલ (૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' એ તેઓની કાવ્યકૃતિઓનું પઠન કર્યું જે સર્વેને નાણી, માણી અને વખાણી.

**● બાળસાહિત્ય અકાદમી અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩નાં પુસ્તકોનો ઇનામ વિતરણ સમારંભ**

બાળ સાહિત્ય અકાદમી અમદાવાદ દ્વારા બાળ સાહિત્યકારોના પુસ્તકોને ઈનામો આપવાનો એક કાર્યક્રમ તા. ૨૪-૦૮-૨૦૧૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે આદિવાસી શિક્ષણ સંશોધન ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાનાર છે.

જેના અધ્યક્ષસ્થાને જાણીતા લોકવિદ્યાવિદ અને લોક સાહિત્યવિષ જોરાવરસિંહ જાદવ ઉપસ્થિત રહેશે. તેઓ ઝવેરચંદ મેઘાણીની કેડી પર ચાલનારા અને લોકજીવનમાંથી અનેક અણમોલ મોતી ઉજાગર કરનારા સંશોધક છે. તેમનાં અનેક પુસ્તકો પ્રગટ થયાં છે. જેને અનેક ઈનામો સાંપડ્યા છે. તાજેતરમાં ગુજરાત સાહિત્ય સભાનો ધનજીકાનજી સુવર્ણચંદ્રક તેમને પ્રાપ્ત થયો છે. તેમણે બાળસાહિત્ય ક્ષેત્રે પણ ખૂબ લખ્યું છે. 'રાણી અનાર દે' જેવી એમના પુસ્તકને બાળ સાહિત્ય તરીકેનું ઈનામ પણ મળ્યું છે.

આ સમારંભમાં સભ્ય ગઠન અને આવકારની ભૂમિકા અકાદમીના કન્વીનર યશવંત મહેતા રજૂ કરશે. તે પછી ત્રણ વિશિષ્ટ સાહિત્યકારો ને સન્માન પ્રદાન કરવામાં આવશે. જેમાં ડૉ. કુમારપાળ દેસાઈ, ડો. ઈશ્વર પરમાર અને ડૉ. આરતી પટેલ સન્માનિત થશે.

આ પ્રસંગે વિજ્ઞાન લેખન માટે 'ગણિતની મજા' લેખક ડૉ. સંજય એસ. પટેલ, બોરવાઈ (તાપી), બાળ વાર્તા માટે 'પાંદડે પાંદડે દીવા' લેખક - વાસુદેવ સોઢા અમરેલી, શિશુકથા માટે 'બિલ્લી માસી છમ... છમ... લેખિકા - ગિરા પીનાકીન ભટ્ટ, ગાંધીનગર, જીવન ચરિત્ર માટે 'સિત્તેર અર્જુન અને એક કૃષ્ણ, લેખક - કરસનદાસ લુહાર મહુવા અને બાળનાટક માટે 'રાજકુમારી શ્વેતા' લેખક - હેમંત કારિયા મુંબઈ, ને સન્માનિત કરવામાં આવશે. અને બાળસાહિત્યમાં વિજ્ઞાન લેખકના ઈનામ વિશે ડૉ. કિશોર કડિયા, બાળવાર્તાના ઈનામ વિશે ડૉ. રવિન્દ્ર અંધારિયા, શિશુકથાના ઈનામ વિશે યશવંત મહેતા, જીવન ચરિત્રના ઈનામ વિશે ડૉ. હુંદરાજ બલવાણી, બાળગીતોના ઈનામ વિશે યોશેફ મેકવાન, બાળ નાટકોના ઈનામ વિષે, પ્રા. નટવર પટેલ વકતવ્ય આપશે.

આ બાળ સાહિત્ય અકાદમીની સ્થાપના ૩૦ એપ્રિલ ૧૯૯૪માં દિવસે થઈ હતી. જેને વર્ષ ૨૦૧૪માં વીસ વર્ષ પુરાં થયા છે અને એકવીસમું વર્ષ શરૂ થયું છે. બાળ સાહિત્ય અકાદમીના ઉત્તરોત્તર વિકાસની ગાથા બાળ સાહિત્ય પુસ્તિકા શ્રેણી અંતર્ગત રજૂ થતી રહી છે. જેમાં બારેક વર્ષોની કથા 'બાળ સાહિત્ય અકાદમી; નવપ્રયાણ' નામની પુસ્તિકામાં અપાઈ છે. તેમજ તે પછીના આઠેક વર્ષોની આ અકાદમીની પ્રવૃત્તિઓ - ૩૬ જેટલી પુસ્તિકાઓમાં નિરૂપિત થઈ છે. તેમાં જે વૃદ્ધિ થઈ, જે કામગીરીઓ થઈ, જે યોજનાઓ થઈ તે બધું આ પુસ્તિકાઓમાં સમાવવામાં આવ્યું છે. જે અંતર્ગત પુસ્તિકા નં. ૩૭-૩૮માં વર્ષ ૨૦૧૩ના બાળ સાહિત્યની સટીક સૂચિ આરતીબહેન સંતોષ દ્વારા રજૂ થઈ છે. બાળ સાહિત્ય અકાદમીએ અકાદમી દ્વારા અપાતા વિવિધ યોજનાના ઈનામપાત્ર પુસ્તકનું નામ જાહેર કરવા સાથે તેના પરિણામના વિશ્લેષણની પ્રણાલિકા પણ શરૂ કરી છે. પરિણામે બાળ સાહિત્ય માટેના ધોરણો જેની ગિજુભાઈ બધેકા અને મોહનભાઈ રા. પટેલ પછી લગભગ કોઈએ ચિંતા કરી ન હતી. પરંતુ તે કામ અકાદમી દ્વારા સુંદર રીતે થઈ રહ્યું છે અને એ બધાનાં નિબંધો તૈયાર થયા છે. એ જ રીતે જે - તે વર્ષના બાળ સાહિત્યની સટીક સૂચિઓ, પરિસંવાદો, પૂર્વસિરાઓનાં સ્મરણ વિગેરે અનેક દિશામાં બાળ સાહિત્ય અકાદમીએ પહેલ કરી છે. જે અભિનંદનને પાત્ર છે.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન અમદાવાદના ઉપક્રમે દલિત સાહિત્ય સર્જન-૨૦૧૩નાં દલિત સાહિત્યકારોને લઘુકથા, ટૂંકી વાર્તા અને કવિતા સંદર્ભનાં પારિતોષિકો જાહેર થયાં છે. જેમાં સ્વ. ખેમીબા નથ્થુરામ શ્રીમાળી દલિત લઘુકથા અંગેનું તૃતીય પારિતોષિક 'ડૉ. વાઘેલા' લઘુકથાના લેખક ગાંધીનગર સ્થિત મૂળજીભાઈ પરમાર 'દધિ' ને પ્રાપ્ત થયું છે. ગાંધીનગર સાહિત્ય સભા તરફથી તેમને અભિનંદન પાઠવીએ છીએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# 'કંટાળો શેનો આવે? ભણવાનો તો કંટાળો હોય કંઈ... મને તો શિખામણ આપો છો ને તમને કંટાળો આવે છે?' સીધી રીતે ભણવા માંડો... એ ફોર એપલ, બી ફોર બનાના...

## નટખલ નિરાલી
## (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
## રોજ વળી એકનાં એક કામ?!

- પ્રજ્ઞા એ. પટેલ

આજે સવારથી જ નિરાલી બહેન કંઈક જુદા જ મૂડમાં છે. ઊઠ્યાં પણ આરામથી. બ્રશ કરતાં કરતાં આદત મુજબ ઘરની પાછલના વરંડામાં ફરવાનું તો ખરા જ. સોસાયટીમાં ઘર છે, તેથી આજુબાજુ થોડી ખુલ્લી જગ્યા પણ છે. વરંડામાં વૃક્ષો પણ વાવેલાં છે. નિરાલી બ્રશ કરતાં કરતાં એ વૃક્ષો, ફૂલો,ના કુંડાને હાથ ફેરવતી જાય, ફૂલ-પાંદડાં તોડે, વીણે, ફળ તોડે, વૃક્ષોને પાણી પાય.... પછી ઘરમાં આવે. વળી કોઈ ગલુડિયું હાથમાં આવી જાય તો તો એ બધું ભૂલી જાય. એને હીંચકે લઈ બેસી જાય, જાતજાતના નામે એને બોલાવે ને જાતજાતની વાતો કરતી જ રહે.

એક વાર તો એવી જીદે ચડેલી કે, મારે એને મારી સાથે ભણવા લઈ જવું છે. 'મમ્મી, એનો યુનિફોર્મ સીવડાવી આપ... એને પમ ટાઈ-બૂટ-દફતર-લંચબોક્સ જોઈએ ને....' મમ્મી કયાંથી ગલુડિયાનો યુનિફોર્મ સીવડાવી આપે? તે જાતે, કપડાના ટુકડા કરી - સાંધીને બુશર્ટ ને ચડ્ડી બનાવેલા, ટાઈ પણ. બસ, ગલુડિયાના માપના બૂટ નહોતા મળ્યા એનું એને દુ:ખ હતું.

એક વાર વળી એ તો છાનામાના ગલુડિયાને લઈ બાથરૂમમાં ઘૂસી ગયેલી ને.... એને એમ કે બિચારાને ઘસી ઘસીને નવડાવું, ગરમ પાણીથી નવડાવું... સાબુ ચોળ્યો, બ્રસ ઘસ્યો, શેમ્પુથી વાળ ધોયા ને ગરમ પાણીથી નવડાવ્યું...ને પછી તો ગલુડિયું જે ભસવા લાગેલું... નિરાલીને તો ઘણાં નહોર મારેલા... આ પરિસ્થિતિમાં પણ બૂમ પાડે તો તો પકડાઈ જવાય... ભસતાં ગલુડિયાના મોઢે હથેલી દાબી રાખેલી ને પેલાએ એની હથેળીમાં નાનું બચકું ભરી દીધેલું...

મમ્મી-પપ્પા હાંફળા-ફાંફળા બાથરૂમ ખોલી જુએ છે તો ગલુડિયું તો થરથર ધ્રૂજે.... નિરાલીની હથેલીમાં લોહી, એના હાથ-પગ પર નહોરના નિશાન...

'નિરાલી, તને ના પાડી છે ને... ગલુડિયાને ઘરમાં લાવી જ કેમ?' મમ્મી ગુસ્સામાં લાલચોળ.

'અત્યારે એ બધી વાત છોડ, પહેલાં તો ગલુડિયાને બહાર મુકી આવ ને નિરાલીને નવડાવી દવા લગાવવી પડશે...' પપ્પાએ ગલુડિયાને બહાર કાઢ્યું, જુની ચાદરમાં વીંટી બહાર તડકે બેસાડ્યું. મમ્મીએ નિરાલીને નવડાવી, દવા લગાવી. ડૉકટર પાસે લઈ ગયા, ઈંજેકશન ખાવા પડ્યા એ તો નફામાં.

'કેમ, આજે શાંત છે બેટા? તબિયત તો સારી છે ને?' પપ્પાએ છાપું વાંચતા વાંચતાં શાંત નિરાલીને કહ્યું.

'શું વિચારમાં છે બેટા?' મમ્મીએ નજીક જઈ પુછ્યું.

'સ્કૂલે નથી જવાનું તારે?' દાદાએ પુછ્યું.

'હં...' નિરાલી સોફા પર આરામથી સૂઈ ગઈ. મમ્મીએ એના કપાળે હાથ મૂકી જોયો. 'તાવ તો નથી. હાશ'

'કંઈ જોઈએ છે તને?' પપ્પાએ છાપું બાજુ પર મુક્યું.

'ના રે.... આજે મારો મૂડ નથી...' નિરાલીએ ઘડાકો કર્યો.

'ઓત્તારી, તમારો મૂડ નથી... કેમ વળી, શું થયું છે તમારા મૂડને? ચાલ ચાલ, આપણે ધમાલ કરીએ, કુસ્તી કરીએ...' પપ્પાએ દીકરીને વહાલ કરતાં કહ્યું.

'મેં કહ્યું ને, મારો મૂડ નથી એટલે નથી... મને કંટાળો આવે છે...' નિરાલી ખીંજાઈને બોલી.

'હવે વળી કંટાળો પણ આવ્યો... તારો વળી કંટાળો શેનો?' દાદાએ મનાવવાનો પ્રયત્ન કર્યો.

'કેમ, તમે જ તો કાલે દાદીમાને કહેતા હતા, આજે મારો મૂડ નથી... બહાર જવાનો કંટાળો આવે છે... બોલો, કહેતા'તા ને?'

'બેટા, અમે તો મોટા કહેવાઈએ... એટલે આવું બધું બોલીએ...' દાદાએ બચાવ કરતાં કહ્યું.

'કેમ, તો મનેય કંટાળો ન આવે? રોજ રોજ સવારે વહેલા ઊઠવાનું, બ્રશ કરવાનું, દૂધ પીવાનું, ન્હાવાનું, લેસન કરવાનું, સ્કૂલ જવાનું, સાંજે ભણવા બેસવાનું, કવિતા ગોખવાની... કેટલાં બધા કામ મારે એકલીએ જ કરવાનાં? રોજ એકનાં એક જ કામ, કંટાળો ન આવે દાદીમા? તમે જ કહો.'

'હા, હા, વાત તો સાચી છે, પણ બેટા એ તો...' દાદી.

'હં... તું ઘણું બધું ભુલી ગઈ હોં કે... રમવાનું, તોફાન કરવાનાં... એ કામ તો તું ગણાવવાનાં ભુલી જ ગઈ...' પપ્પાએ યાદ કરાવ્યું.

'એ તો કંઈ કામ કહેવાતાં હશે?' નિરાલી બોલી.

'કેમ આજે મૂડ નથી એ તો કહે...' મમ્મીએ નિરાલીને બાથમાં લેતાં પુછ્યું.

'આજે મારે સ્કૂલે નથી જવું... પપ્પા પણ કદીક કદીક કહે છે ને કે આજે મૂડ નથી, ઓફિસ નથી જવું... એમ આજે મારો પણ મૂડ નથી... મમ્મી, પ્લીઝ...'

'દાદા-દાદીને કયાં સ્કૂલે જવું પડે છે?? મારે એકલીએ જ સ્કૂલે જવાનું? મમ્મી, તું મારી સાથે ચાલે તો જ જઈએ...'

'કોઈના દાદા-દાદીને સ્કૂલે જતાં તે જોયા છે? બેટા એમને વળી કોણ ભણાવશે?' મમ્મીએ સમજાવવા પ્રયત્ન કર્યો.

'ના રે, મને તો ભણવું બહુ ગમે. હું તો તારી સ્કૂલમાં એડમિશન લેવા પણ આવેલો, તારા પ્રિન્સિપાલે શું કહ્યું, ખબર છે? કહે, અમે ધોળા વાળવાળાને દાખલ ન કરીએ, તમે ઘરડાબુઢ્ઢા છો, આ તો સુંદર બાળકોની સ્કૂલ છે, લાકડી લઈને તમે સ્કૂલ આવશો? બોલ, આવું કહેલું.'

'હેં દાદા, તમનેય ભણવું ગમે? સાચ્ચે જ તમને એડમિશન નહોતું મળ્યું?' નિરાલીના ચહેરા પર ખુશી છલકતી દેખાઈ.

'હાસ્તો... પણ સારૂં થયું... તારા દાદાએ વળી યુનિફોર્મ સીવડાવવો પડત... મોટું દફતર ખરીદવું પડત...' દાદીમા બોલ્યા.

'દાદા, ચાલો તમને હું ભણાવું?' નિરાલી ઝડપથી બેઠી થઈ ગઈ.

'અત્યારે? પણ તારો તો મૂડ નથી ને...' દાદા મુંઝાઈ ગયા.

'ના રે, હવે હું મૂડમાં આવી ગઈ છું. મારા દાદા-દાદીને ભણાવવાના મૂડમાં... લો, આ નોટ પકડો... આ પેન્સિલ પણ... હું લખાવું તેમ લખો...' નિરાલી તો ટીચર બની ગઈ.

'પણ બેટા... સાચું કહું... અમને કંટાળો આવે છે...' દાદા-દાદી સાથે બોલ્યા. 'કંટાળો શેનો આવે? ભણવાનો તો કંટાળો હોય કંઈ... મને તો શિખામણ આપો છો ને તમને કંટાળો આવે છે?' સીધી રીતે ભણવા માંડો... એ ફોર એપલ, બી ફોર બનાના... ગ ગણપતિનો ગ... ગ ગલુડિયાનો ગ...' એમ ઝટ છોડે તો નિરાલી નહીં.

અડધો-પોણો કલાક એણે દાદા-દાદીને ભણાવ્યા. મમ્મીએ સમજાવી-પટાવી એને સ્કૂલે જવા મોકલી. સ્કૂલે જતી વખતે એ ખૂબ ખુશ હતી, દાદા-દાદીને એણે ભણાવ્યા એની ખુશીમાં.